# સ્વાધ્યાય 2.5

1. **કઈ સંખ્યા મોટી છે તે જણાવો :**

(i) **0.5 કે 0.05**

જ. 0.5 > 0.05

(ii) **0.7 કે 0.5**

જ. 0.7 > 0.5

(iii) **7 કે 0.7**

જ. 7 > 0.7

(iv) **1.37 કે 1.49**

જ. 1.37 < 1.49

(v) **2.03 કે 2.30**

જ. 2.30 < 2.30

(vi) **0.8 કે 0.88**

જ. 0.8 < 0.88

2. **દશાંશનો ઉપયોગ કરીને રૂપિયામાં રૂપાંતર કરો :**

(i) **7 પૈસા**

જ. 100 પૈસા = ₹ 1

∴ 1 પૈસા = ₹ $\frac{1}{100}$

∴ 7 પૈસા = ₹ $\frac{7}{100}$ = ₹ 0.07

(ii) **7 રૂપિયા 7 પૈસા**

જ. 100 પૈસા = ₹ 1

∴ 1 પૈસા = ₹ $\frac{1}{100}$

∴ 7 રૂપિયા 7 પૈસા = ₹ 7 + ₹ $\frac{7}{100}$ = ₹ 7 + ₹ 0.07 = ₹ 7.07

**(iii) 77 રૂપિયા 77 પૈસા**

જ. 100 પૈસા = ₹ 1

$\therefore$ 1 પૈસા = ₹ $\frac{1}{100}$

$\therefore$ 77 રૂપિયા 77 પૈસા = ₹ 77 + ₹ $\frac{77}{100}$ = ₹ 7 + ₹ 0.77 = ₹ 77.77

**(iii) 50 પૈસા**

જ. 100 પૈસા = ₹ 1

$\therefore$ 1 પૈસા = ₹ $\frac{1}{100}$

$\therefore$ 50 પૈસા = ₹ $\frac{50}{100}$ = ₹ 0.50

**(iv) 235 પૈસા**

જ. 100 પૈસા = ₹ 1

$\therefore$ 1 પૈસા = ₹ $\frac{1}{100}$

$\therefore$ 235 પૈસા = ₹ $\frac{235}{100}$ = ₹ 2.35

**3. (i) 5 સેમીને મીટર અને કિલોમીટર ફેરવો.**

જ. 100 સેમી = 1 મીટર

$\therefore$ 1 સેમી = $\frac{1}{100}$ મીટર

$\therefore$ 5 સેમી = $\frac{5}{100}$ મીટર = 0.05 મીટર

હવે, 1000 મીટર = 1 કિલોમીટર

$\therefore$ 1 મીટર = $\frac{1}{1000}$ કિલોમીટર

$\therefore$ 0.05 મીટર = $\frac{0.05}{1000}$ કિલોમીટર = $\frac{5}{1000 \times 100}$ કિલોમીટર = 0.00005 કિલોમીટર

**(ii) 35 મીમી ને સેમી, મીટર અને કિલોમીટર માં ફેરવો.**

જ. 10 મીમી = 1 સેમી

$\therefore$ 1 મીમી = $\frac{1}{10}$ સેમી

$\therefore$ 35 મીમી = $\frac{35}{10}$ સેમી = 3.5 સેમી

હવે, 100 સેમી = 1 મીટર

$\therefore$ 1 સેમી = $\frac{1}{100}$ મીટર

$\therefore$ 3.5 સેમી = $\frac{3.5}{100}$ મીટર = $\frac{35}{1000}$ મીટર = 0.035 મીટર

હવે, 1000 મીટર = 1 કિલોમીટર

$\therefore$ 1 મીટર = $\frac{1}{1000}$ કિલોમીટર

$\therefore$ 0.035 મીટર = $\frac{0.035}{1000}$ કિલોમીટર = $\frac{35}{1000\times1000}$ કિલોમીટર = 0.000035 કિલોમીટર

**4. કિલોગ્રામમાં દર્શાવો :**

**(i) 200 ગ્રામ**

જ. 1000 ગ્રામ = 1 કિલોગ્રામ

$\therefore$ 1 ગ્રામ = $\frac{1}{1000}$ કિલોગ્રામ

$\therefore$ 200 ગ્રામ = $\frac{200}{1000}$ કિલોગ્રામ = 0.2 કિલોગ્રામ

**(ii) 3470 ગ્રામ**

જ. 1000 ગ્રામ = 1 કિલોગ્રામ

$\therefore$ 1 ગ્રામ = $\frac{1}{1000}$ કિલોગ્રામ

$\therefore$ 3470 ગ્રામ = $\frac{3470}{1000}$ કિલોગ્રામ = 3.470 કિલોગ્રામ

**(iii) 4 કિલોગ્રામ 8 ગ્રામ**

જ. 1000 ગ્રામ = 1 કિલોગ્રામ

$\therefore$ 1 ગ્રામ = $\frac{1}{1000}$ કિલોગ્રામ

$\therefore$ 4 કિલોગ્રામ + 8 ગ્રામ = 4 કિલોગ્રામ + $\frac{8}{1000}$ કિલોગ્રામ

= 4 કિલોગ્રામ + 0.008 કિલોગ્રામ = 4.008 કિલોગ્રામ

5. **નીચે આપેલા દશાંશ સંખ્યાને વિસ્તૃત સ્વરૂપમાં લખો :**

**(i) 20.03**

જ. $20.03 = 2\times10 + 0\times1 + 0\times\frac{1}{10} + 3\times\frac{1}{100}$

**(ii) 2.03**

જ. $2.03 = 2\times1 + 0\times\frac{1}{10} + 3\times\frac{1}{100}$

**(iii) 200.03**

જ. $200.03 = 2\times100 + 0\times10 + 0\times1 + 0\times\frac{1}{10} + 3\times\frac{1}{100}$

**(iii) 2.034**

જ. $2.034 = 2\times1 + 0\times\frac{1}{10} + 3\times\frac{1}{100} + 4\times\frac{1}{1000}$

6. **નીચે આપેલી દશાંશ સંખ્યામાં 2 ની સ્થાનકિંમત લખો :**

**(i) 2.56**

જ. 2.56 માં 2 ની સ્થાનકિંમત = $2 \times 1 = 2$

**(ii) 21.37**

જ. 21.37 માં 2 ની સ્થાનકિંમત = $2 \times 10 = 20$

**(iii) 10.25**

જ. 10.25 માં 2 ની સ્થાનકિંમત = $2 \times \frac{1}{10}$ = બે દશાંશ


**(iv) 9.42**

જ. 9.42 માં 2 ની સ્થાનકિંમત = $2 \times \frac{1}{100}$ = બે શતાંશ


**(v) 63.352**

જ. 63.352 માં 2 ની સ્થાનકિંમત = $2 \times \frac{1}{1000}$ = બે સહસ્ત્રાંશ

7. **દિનેશ સ્થળ A પરથી સ્થળ B પર જાય છે અને ત્યાંથી તે સ્થળ C તરફ જાય છે. A નું અંતર B થી 7.5 કિમી છે. B થી C નું અંતર 12.7 કિમી છે. અયુબ સ્થળ A પરથી સ્થળ D તરફ જાય છે અને ત્યાંથી તે સ્થળ C તરફ જાય છે. D નું A થી અંતર 9.3 કિમી છે અને C નું D થી અંતર 11.8 કિમી છે તો કોણ વધુ મુસાફરી કરશે અને કેટલી?**




જ. આપેલી આકૃતિ માં અંતર બતાવતાં,




દિનેશ અને અયુબની મુસાફરી

| **દિનેશ** | **અયુબ** |
|---|---|
| A થી B અંતર = 7.5 કિલોમીટર | A થી D અંતર = 9.3 કિલોમીટર |
| B થી C અંતર = 12.7 કિલોમીટર | D થી C અંતર = 11.8 કિલોમીટર |
| કુલ અંતર = A થી B + B થી C | કુલ અંતર = A થી D + D થી C |
| = 7.5 + 12.7 | = 9.3 + 11.8 |
| = 20.2 કિલોમીટર | = 21.1 કિલોમીટર |

અંતર સરખાવતાં,

21.1 > 20.2

અયુબે દિનેશ કરતાં વધારે અંતર કાપ્યું હશે.

અંતર માં તફાવત = 21.1 – 20.2 = 0.9 કિલોમીટર = 900 મીટર

તેથી, અયુબે દિનેશ કરતાં 0.9 કિલોમીટર વધુ મુસાફરી કરી હશે.

8. **શ્યામ 5 કિલોગ્રામ 300 ગ્રામ સફરજન અને 3 કિલોગ્રામ 250 ગ્રામ કેરી ખરીદે છે. સરલા 4 કિલોગ્રામ 800 ગ્રામ સંતરા અને 4 કિલોગ્રામ 150 ગ્રામ કેળાં ખરીદે છે. કોણે વધુ ફળ ખરીદ્યાં ?**

જ. શ્યામે ખરીદેલા ફળનું કુલ વજન = 5 કિલોગ્રામ 300 ગ્રામ સફરજન

+ 3 કિલોગ્રામ 250 ગ્રામ કેરી

8 કિલોગ્રામ 550 ગ્રામ ફળ

સરલાએ ખરીદેલાં ફળનું વજન = 4 કિલોગ્રામ 800 ગ્રામ સંતરા

\+ 4 કિલોગ્રામ 150 ગ્રામ કેળાં

8 કિલોગ્રામ 950 ગ્રામ ફળ

વજન સરખાવતાં,

8 કિલોગ્રામ 950 ગ્રામ > 8 કિલોગ્રામ 550 ગ્રામ

તેથી, સરલાએ વધુ ફળ ખરીદ્યાં.

**9. 42.6 કિમી કરતાં 28 કિમી કેટલું ઓછું છે ?**

**જ.** અહીં બંને અંતરોનો તફાવત શોધવો પડે.

42.6 કિમી

\- 28.0 કિમી

14.6 કિમી

તેથી, 42.6 કિમી કરતાં 28 કિમી એ 14.6 કિમી ઓછું છે.